**આંક–૧૧**

**ભરૂચના મહેરબાન એડીશનલ ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (સી.ડી.), લેબર કોર્ટ નં. ૧ સમક્ષ.**

ક્રિમીનલ કેસ નંબર : **૪૩૦/૨૦૨૨**

| | | |
|---|---|---|
| **ફરીયાદી** | : | ગુજરાત સરકાર વતી<br>એમ.કે.મેવલીયા સરકારી શ્રમ અધિકારી<br>અને લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ અન્વયેના<br>નિરીક્ષક, ભરૂચ.<br>વિરૂધ્ધ |
| **આરોપી** | : | 1. B R AGROTECH LIMITED<br>PLOT NO. 620/3, GIDC PANOLI, ANKLESHWAR 394116, DIST. BHARUCH<br>2. MR. VIKAS MAHABIR LIMITED (DIRECTOR)<br>C/O. B R AGROTECH LIMITED<br>PLOT NO. 620/3, GIDC PANOLI, ANKLESHWAR 394116, DIST. BHARUCH |
| **હાજર રહયા** | : | ફરીયાદી તરફે –<br>આરોપી તરફે પ્રતિનિધિ. |

**ગુનો** **લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ ની કલમ ૧૮ સાથે વાંચતા લઘુત્તમ વેતન (ગુજરાત) નિયમો ૧૯૬૧ ના નિયમ ૨૨ ના ભંગ બદલ.**

**–:: હુકમ ::–**

(૧) ફરીયાદીની કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના ફરીયાદીએ આરોપી સામે **લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ ની કલમ ૧૮ સાથે વાંચતા લઘુત્તમ વેતન (ગુજરાત) નિયમો ૧૯૬૧ ના નિયમ ૨૨ અન્વયેના ભંગ બદલ કલમ ૨૨(એ)** ની ફરીયાદ રજુ કરેલ છે. તે સંદર્ભની ફરીયાદ અત્રેની કોર્ટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૯૦(૧)(એ) મુજબ ફરીયાદીએ રજુ કરતા સંબંધિત કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૦૦(એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૦૪ મુજબ ફરીયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૨) ત્યારબાદ સદરહુ કેસમાં આરોપીને સમન્સ ઈસ્યુ કરતા આરોપીઓ વતી તેઓને ઓથોરીટી આપનાર વ્યકિત અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુનાની વિગતો જણાવી ગુનો કબુલ છે કે કેમ ? તેવું પુછવામાં આવેલ જેથી તેઓએ આરોપી ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુનાની કબુલાત અંગે પુરસીસ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૫૨ અન્વયે રજુ કરેલ છે. તેઓએ આરોપી ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતા તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુનો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂઘ્ધ પુરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ છતાં આરોપી પોતાનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોધંવામાં આવેલ છે.

(૩) તેઓને હાલની ફરિયાદ અન્વયેનો ગુનો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુનામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુનો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે આરોપી સામેના ગુનાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ ની કલમ ૧૮ સાથે વાંચતા લઘુત્તમ વેતન (ગુજરાત) નિયમો ૧૯૬૧ ના નિયમ ૨૨ અન્વયેના ભંગ બદલ કલમ ૨૨(એ)** મુજબનો ગુનો કરેલ છે. આરોપી સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોય તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ઘ્યાને લેતા તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ, ગુનાનો પ્રકાર વિગેરે તેમજ ખાસ સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરચંદ ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. પાન ૭૦૯ ઉપરના ચુકાદામાં પ્રસ્થાપિત સિઘ્ધાંત ઘ્યાને લેતા આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુનો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય

અને ન્યાયી જણાય છે. જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૫૨ મુજબ મુજબ **લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ ની કલમ ૧૮ સાથે વાંચતા લઘુત્તમ વેતન (ગુજરાત) નિયમો ૧૯૬૧ ના નિયમ ૨૨ અન્વયેના ભંગ બદલ કલમ ૨૨(એ)** મુજબના ગુના સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને દરેક આરોપીને પ્રત્યેક ભંગ બદલ **રૂા.૨,૦૦૦/—** લેખે તેમ કુલ મળીને **રૂા. ૪,૦૦૦/— (અંકે રૂપિયા ચાર હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **CHAUHAN AJAYKUMAR MAJBUTSINH** નાઓને ઉપરોકત દંડની રકમ ભરવાની સજા કરવામાં આવે છે.

(૨) આરોપી વતી હાજર રહેનાર વ્યકિત **CHAUHAN AJAYKUMAR MAJBUTSINH** નાઓ દંડની રકમ ભરવાનો કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા. ૧૧/૦૨/૨૦૨૩ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશીયલ સીટીગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૧/૦૨/૨૦૨૩
સ્થળ : ભરૂચ

**(નિલેશ અશોકભાઈ ઈજનેર)**
**UIC No. GJ00484**
**એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સી.ડી.)**
**લેબર કોર્ટ, ભરૂચ.**

કે.આઈ.નીમકવાલા – ક.ક.ટા.